DOIs:10.2018/SS/202404012 --:-- Research Paper / Article / Review

# સંખેડા મેવાસમાં વણકર સમાજના લગ્નગીતો - વિસરાતો જતો વારસો

**નગીન વણકર**

બી/૧/૧/૮, વડીયા પેલેસ સરકારી વસાહત, રાજપીપળા, જિ.નર્મદા-૩૯૩૧૪૫

Email - nvankar@gmail.com

**Abstract:** લોકગીતો સમાજ જીવનનું મહત્વનું અંગ છે. જન્મથી માંડીને મૃત્યુ સુધીના જીવનમાં બનતા પ્રસંગો, દિનચર્યા, રીત-રિવાજો, પ્રાદેશિક લાક્ષણિકતાઓ, ઐતિહાસિક ઘટનાઓ, વ્યક્તિ કે ઘટના વિશેષના લોકગીતો ઓછાવત્તા અંશે દરેક સમાજમાં જોવા મળે છે. લગ્નગીતો પણ આ લોકગીતનો જ એક પ્રકાર છે. સાંપ્રત સમયમાં લગ્નગીતોની પરંપરા ભૂંસાતી જાય છે. લોકજીવનના આ વિસરાતા જતા વારસાને જાળવી લેવાનો પ્રયત્ન અહીં કરવામા આવ્યો છે.

**Key Words:** સંખેડા મેવાસ, વણકર સમાજ, લોકગીત, લગ્નગીત.

પૃથ્વી ઉપર જ્યારથી માનવ વસાહતો અસ્તિત્વમાં આવી, મનુષ્ય દિવસ-રાતની ઘટમાળ વચ્ચે બનતી ઘટનાઓ, પ્રકૃતિ વગેરે પરત્વે વિચારતો થયો, પ્રતિક્રિયા આપતો થયો, 'પાણી પીધાનું સુખ' અનુભવતો થયો, દુ:ખ અનુભવતો થયો ત્યારથી લોકગીતોનો આવિર્ભાવ થયો હશે એમ કહી શકાય. એ કારણથી જ વિદ્વાનોએ લોકગીતોને 'અત્યંત પ્રાચીન તથા નિત્યનૂતન' કહીને બિરદાવ્યા છે. રણજિતરામ મહેતા તેમનાં 'લોકગીત' નિબંધમાં સાહિત્યનો ઉદભવ લોકગીતમાંથી જ થયો હોવાનું જણાવે છે. આ ગીતો તેના ઉદભવકાળથી લોકસમૂહના માધ્યમ દ્વારા કંઠોપકંઠ્ય પરંપરાથી આગળ વધ્યા છે. સમયાંતરે ભાષામાં ફેરફારો થયા તેમ આ ગીતોમાં પણ ફેરફારો થતાં ગયાં, નવા સંસ્કરણો થતાં ગયાં અને છેક આજ સુધી - આપણાં સુધી પહોંચ્યા છે. જન્મ, બાળપણ, લગ્ન, મૃત્યુ વગેરે માનવ જીવનનાં વિવિધ પ્રસંગો અને રોજબરોજની જીવનશૈલીની આજુબાજુ આ ગીતો રચાયા છે. એવી જ રીતે લોકજીવન પર ઊંડી અસર ઉપજાવનાર વ્યક્તિવિશેષ, ઘટનાવિશેષ કે સ્થળવિશેષના ગીતો પણ જનસમૂદાયમાંથી નિપજ્યાં છે અને વાર-તહેવારે ગવાયાં છે. જીવન સાથે અભિન્ન રીતે જોડાયેલાં વિવિધ પ્રસંગોના ગીતો દરેક સમાજમાં જોવા મળે છે. લગ્નપ્રસંગે ગવાતાં લગ્નગીતો પણ વસ્તુત: લોકગીતનો જ એક પ્રકાર છે અને એ રીતે લગ્નગીતો આપણા લોકસાહિત્યનો, લોકજીવનનો અમૂલ્ય વારસો છે.

અહીં પ્રદેશ વિશેષ તરીકે સંખેડા મેવાસનાં વણકર સમાજમાં ગવાતાં લગ્નગીતોની વાત કરવાનો ઉપક્રમ છે. સંખેડા મેવાસમાં ભૌગોલિક દ્રષ્ટિએ ઉત્તરે ઓરસંગ નદી અને દક્ષિણે નર્મદા નદીના ઉત્તર કિનારાની વચ્ચે આવેલ હાલનો તિલકવાડા તાલુકો તથા અંશત: સંખેડા અને ડભોઈ તાલુકાના વિસ્તારનો સમાવેશ થાય છે. આ પ્રદેશ ભારતની સ્વતંત્રતા પહેલાં બ્રિટિશ વહીવટ હેઠળની રેવાકાંઠા પોલિટિકલ એજન્સી અંતર્ગત જમીન-વહીવટ અને કાયદો-વ્યવસ્થાના એકમ તરીકે આવેલ હતો જેમાં નાની-મોટી ૨૭ જેટલી ઠકરાતો (Princely States) આવેલ હતી. આ પ્રદેશમાં વસવાટ કરતાં વણકર સમાજના લોકો મુખ્યત્વે ખેત-મજૂરી પર જીવન નિર્વાહનો આધાર રાખે છે. ઔદ્યોગિક ક્રાંતિ પૂર્વે આ લોકો હાથશાળ પર કાપડ વણવાનું અને ગામે ગામ જઈ તેનું વેચાણ કરવાનું કામ કરતા હતા. ઔદ્યોગિક ક્રાંતિના પરિણામે વણકર સમાજના આર્થિક અને સામાજિક જીવનના મુખ્ય આધારસ્થંભ સમાન આ ગૃહઉદ્યોગો પડી ભાંગ્યા અને આ સમાજને મહદઅંશે ખેત-મજૂરી કરવાની ફરજ પડી. ત્રણ-ચાર દાયકાઓ પહેલાના સમયમાં ઘણાંખરાં લોકો દિવાળીથી હોળી સુધીના સમયગાળામાં ઈંટોના ભઠ્ઠાઓ પર ઈંટો પાડવાનું કામ કરતાં અને બાકીનો સમયગાળો જે છૂટક મજૂરી મળે તે કરી નિર્વાહ ચલાવતા હતા. ભારતની સ્વતંત્રતા પછી જાગીરી નાબૂદી, ગણોતધારો વગેરે જમીન સુધારણાના કાયદાઓ હેઠળ જેમને થોડીઘણી જમીન ખેતી માટે ઉપલબ્ધ થઈ છે એ લોકો ખેતી સાથે પશુપાલન કરતા રહ્યાં છે. આ પ્રદેશમાં ઔદ્યોગિક વિકાસ શૂન્ય કે નહિવત હોવાથી, રોજગારી અર્થે વડોદરા જેવાં

શહેરમાં જઈને, ત્યાં જ સ્થાયી થયા હોય તેવાં લોકોની સંખ્યા પણ ઓછી નથી. જો કે છેલ્લાં બે-ત્રણ દાયકાઓમાં પરિસ્થિતિમાં ઘણો બદલાવ આવ્યો છે. શિક્ષણનું પ્રમાણ અને તેના માટેની જાગૃતિ વધી છે. શિક્ષણ મેળવીને ઘણા લોકો સરકારી તથા ખાનગી ક્ષેત્રમાં નોકરી, વ્યવસાય કરી આર્થિક રીતે સરખામણીમાં કંઈક સારી સ્થિતીએ પહોંચ્યા છે. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં પ્રતિનિધિત્વ માટેની સક્રિયતા વધી છે. તેમ છતાં ઘણો ખરો સમાજ હજી ઓછાં સાધનોથી ગુજારો કરે છે.

ઝવેરચંદ મેઘાણી કહે છે કે – 'કોઈ પણ સમાજનાં સંસ્કારનું માપ કાઢવું હોય તો એની નિપજાવેલી લગ્નક્રિયાની ને એનાં રચેલાં લગ્નસાહિત્યની સામે દ્રષ્ટિ કરી લેવી.' સંખેડા મેવાસનાં વણકર સમાજના લગ્નગીતોમાં આ સમાજનો ઉલ્લાસ, તેની સામાજિક પરંપરાઓ, સંસ્કારિતા તથા રીત-રિવાજો દ્રષ્ટિગોચર થાય છે. ઘણાંખરાં લગ્નગીતો અન્ય સમાજનાં ગીતો સાથે મળતાં આવે છે. સામાજિક આંતરક્રિયાના પરિણામ સ્વરૂપ આવું બનવું સ્વાભાવિક છે. આવા બે જુદા જુદા સમાજમાં ગવાતા અને એક સરખું ભાવ-સંવેદન ધરાવતાં લગ્નગીતોમાં પણ ક્યાંક લયનો, શબ્દનો, ઉચ્ચારનો ભેદ જોવા મળે છે. અલબત્ત, કેટલાંક ગીતો એવાં પણ છે જે માત્ર આ વણકર સમાજમાં જ જોવા મળે છે અને લગ્નગીતોની પરંપરામાં માત્ર આ સમાજનું જ પ્રતિનિધિત્વ કરે છે.

સંખેડા મેવાસનાં વણકર સમાજનાં લગ્નગીતોનું અભ્યાસની સરળતા ખાતર મુખ્યત્વે આ રીતે વર્ગીકરણ કર્યું છે. ૧.ગણેશ સ્થાપના/કુળદેવીના વધામણાંના ગીતો ૨.મંડપ-સ્થાપનાના ગીતો ૩.મોસાળાનાં ગીતો ૪.ગ્રહશાંતિ વખતે ગવાતાં ગીતો ૫.જાન વળાવવા/જાન વધાવવાનાં ગીતો ૬.હસ્ત મેળાપ/મંગળ ફેરા / કન્યા વિદાયનાં ગીતો ૭.નવવધૂના સ્વાગતના ગીતો અને ૮.મજાક – મશ્કરીનાં ગીતો / ફટાણાં.

**૧.ગણેશ સ્થાપના / કુળદેવીના વધામણાના ગીતો -**

લગ્ન જેવાં માંગલિક પ્રસંગે કુળદેવી/કુળદેવતાનું પૂજન-અર્ચન અને વધામણાંનું એક અનેરું મહત્વ હોય છે. વર અથવા કન્યાના માતા વધામણાંની થાળી લઈને માતાના પૂજન માટે જાય છે. મોટાભાગે પોતાના ઘરમાં આવેલ પૂજાસ્થાનમાં અથવા કુટુંબના કુળદેવીની જ્યાં – કુટુંબના મુખ્ય ઘરમાં-સ્થાપના થયેલ હોય છે ત્યાં જાય છે. સાથે રહેલ સ્ત્રીવૃંદ મંગળ કામનાઓ સાથે માતૃ વિનવણી અને નિમંત્રણના ગીતો ગાય છે. આ ગીતો અને એનો લય કોઈને પણ સાંભળવો ગમે તેવો હોય છે. જેમ કે –

'નવખંડ ધરતીના આડા પડદા બંધાવું મોરી માતા, થંભેલા રે'જો'
થંભેલા રે'જો મોરી માતા, હળવેલા રે'જો !
'શ્રીફળ જોયે તો તમારા દરબાર મોકલાવું, મોરી માતા, થંભેલા રે'જો'
ચૂંદડી જોયે તો તમારા દરબાર મોકલાવું, મોરી મારા, થંભેલા રે'જો.

કે પછી -

'ચાલો જોવા જઈએ માંનો બેસણોં,
માંનો બેસણોં મશરૂની ગાદી,
ગલાલી લોકો ! ગરબે ના રમીએ રે
ચાલો જોવા જઈએ માંની કપાળી,
માંની કપાળી સૂરજનું તેજ,
ગલાલી લોકો ! ગરબે ના રમીએ રે

એવી જ રીતે આગળ 'હથેળી ચોળીની સીંગ' 'નસકોરી દીવાની સેગ' 'આંખડી દીવાનું તેજ' એવા નૂતન અલંકારો મળે છે. 'નવખંડ' ધરતી લોકપરંપરામાં સચવાયેલ પ્રાચીન-પૌરાણિક ભૂગોળનો નિર્દેશ કરે છે. ગીતમાં આવતો 'ગલાલી' શબ્દ પણ કેટલો નવો અને સુંદર છે ! ગલાલી એટલે કે ગુલાલી..ગુલાલ જેવા લોકો. લોકગીત સિવાય કોણ આ તાગી શકે ?

કુળદેવીનાં વધામણા બાદ ગણેશ સ્થાપના થાય છે. આ બન્ને પ્રસંગો લગભગ સાથે પણ યોજાતા હોય છે. 'પરથમ ગણેશ' એ ભાવના પણ રહેલી છે. ગણેશ સ્થાપનાને તળપદી લોકબોલીમાં 'ધોણ ભરવો' એમ કહેવામા આવે છે. ગણેશ સ્થાપના બાદ વર કે કન્યાના શરીર પર સુગંધિત દ્રવ્ય મિશ્રિત હળદર / પીઠી ચોળવામાં આવે છે. આ કાર્ય મોટા ભાગે વર કે કન્યાના ભાભી દ્વારા કરવામાં આવે છે.

- ઊંચા છે બેનના ગણેશ માદર ઝીણું વાગે છે
  જાઓ ગોરી ગણેશ વધાવો, માદર ઝીણું વાગે છે

તથા-

- મારા ઊંચા મંદિર નીચા મોલ
  જેની સહેજે ઉગમણી બારી....ગણપતિ વહેલાં આવે
- હુંતો થાળ ભર્યો રે આખો મોતીનો
  હુંતો મોતી વધાવા જઈશ,
  કે મારો સોના સરીખો સૂરજ ઉગીયો
- કંકુ કેસર ગારે ગોલાવો, અંગરેજી પાડો ઓકળી રે
  અંબાબેન તમારા દિકરાને વારો, ઓકળી મારી ભાંગશે રે

જેવાં ગીતો ગવાય છે.

**૨.મંડપ સ્થાપનાનાં ગીતો :**

આજથી ૨૫-૩૦ વર્ષો અગાઉ પાંચ,સાત કે એથી વધારે દિવસનાં લગ્નો યોજાતા હતા. પણ ત્યાર પછી મોટાભાગે ત્રણ દિવસનાં અને હવે તો એક જ દિવસનાં લગ્નો યોજાય છે. લોકના ઉત્સાહ અને ઉલ્લાસનું આ રીતે સંક્ષેપીકરણ થયું છે ! તો બીજી બાજુ સમયનો વ્યય પણ અટક્યો છે. ત્રણ દિવસનાં લગ્નમાં બીજો દિવસ મંડપ સ્થાપનાનો આવે છે.

મંડપ સ્થાપનાની શરૂઆત ‘થાંભલી પૂજન’ થી થાય છે. સમડાના વૃક્ષની પાતળી ડાળખી લાવીને ઘરની આગળના ભાગે આવતા જતા કોઈને નડે ન તેમ, સ્થાપવામાં આવે છે. ડાળખી ઉપર આંબા-આસોપાલવના પાન અને નાડાછડી બાંધવામાં આવે છે. આગળ ગણેશ સ્થાપના વખતે ગવાતું ગીત અહીં પણ થોડા ફેરફાર સાથે ગવાય છે.

- હુંતો થાળ ભર્યો રે શગ મોતીડાં,
  હુંતો તોરણ વધાવા જઈશ,
  કે મારો સોના સમો રે સૂરજ ઉગીયો !

આ બધા ગીતો ગવાતા હોય છે ત્યારે ઢોલી તથા શરણાઈવાદક હાજર હોય છે જે ગીતને અનુરૂપ સૂર-સંગીત આપવાનું કાર્ય કરે છે.

- ઊંચા મોંડવા રોપાવો ઝીણી છાજલીએ શણગારો, માણારાજ !
  બેનના માતાને બોલાવો, બેનના પિતાને બોલાવો, માણારાજ !
  લાડે કોડે બેટી પરણાવો, માણારાજ !
  બેનના વીરાને બોલાવો, બેનના ભાભીને બોલાવો, માણારાજ !
  લાડે કોડે બેની પરણાવો, માણારાજ !

**૩.મોસાળાનાં ગીતો :**

મોસાળું લઈને આવેલાં લોકોની ફળિયામાં અન્ય ઘરે બેઠક હોય છે. ત્યાંથી મંડપ સુધી વાજતે ગાજતે લઈ જવામાં આવે છે. લગ્ન જેવા પ્રસંગોમાં મોસાળપક્ષનો ભારે દબદબો હોય છે. માન-પાન દેવામાં થોડી પણ ચૂક ક્યારેક જીવનભરના કજિયા કંકાસનું નિમિત્ત બની જાય છે.

- કયા તે ગોમનોં મોસાળોં મોસાળોં મઘમઘ રે
  વીરપુર ગોમનોં મોસાળોં મોસાળોં મઘમઘ રે
- નીસરો ... બેન બંગલાથી બા’રે
  શું પે’રી નીસરું બંગલાથી બા’રે
  તમારા વીરા આવ્યાને કાપડિયા બેસાડ્યા
  કાપડિયા બેસાડ્યાને સાડલા વસાવ્યા
  તે પેરી નીસરો બંગલાથી બા’રે
- મારા તે આંગણે રૂખડું મ્હોર્યું,

હું તો જાણું ચંપાનો છોડ રે
થડ થડ ચડું ને ડાળ ડાળે ઊતરું
અજુના આયો માડીજાયો, બંધવો !
તમારા દેશ બેની ઝાઝેરી ઝાડીઓ
કેમ કરી આવે માડીજાયો, બંધવો !
કઠિયારો તેડાવું ને ઝાડીઓ કપાવું
ભલી રીતે આવે માડીજાયો, બંધવો !

સંખેડા મેવાસ પ્રદેશનો રાજકીય ઈતિહાસ જોતાં પાવાગઢ / ચાંપાનેર સાથે ઘણો મહત્વનો સંબંધ રહ્યો છે. રેવાકાંઠા ડિરેક્ટરી મુજબ આ વિસ્તારમાં મોટાભાગે ભીલ વસાહતો આવેલી હતી. ગુજરાત સલ્તનતના મહંમદ બેગડા દ્વારા ઈ.સ.૧૪૮૪માં પાવાગઢના પતન બાદ, પાવાગઢ અને તેની આજુબાજુનાં પ્રદેશોમાંથી આવેલાં લોકોએ અહીં વસવાટ કર્યો હતો અને રજપૂત ઠાકોરોએ ભીલ નાયકોને હરાવી, પોતાની ઠકરાતો સ્થાપી હતી. આ ઐતિહાસિક કારણોસર સંખેડા મેવાસના પ્રદેશમાં વસતા લોક-સમાજોમાં પાવાગઢ અને એનાં અધિષ્ઠાત્રિ દેવી કાલિકા / કાળકા માતાનું ખૂબ મહત્વ છે. જો કે વણકર સમાજની બોલી જોતાં મૂળ પાટણ કે તેની આજુબાજુના પ્રદેશમાંથી ચાંપાનેર આવ્યા હોય અને ચાંપાનેરના પતન બાદ આ વિસ્તારમાં વસવાટ કર્યો હોય એ વધારે સંભવ જણાય છે. મોટા ભાગનાં કુટુંબો કુળદેવી તરીકે કાળકા માતાની પૂજા-અર્ચના કરે છે જ્યારે અમૂક કુટુંબોમાં કુળદેવી તરીકે ચામુંડા માતા, હરસિધ્ધિ માતા વગેરે છે. આ સમાજમાં કુળદેવીની પરંપરા છે પણ કુળદેવતાની નથી એ બાબત પણ અહીં નોંધવાપાત્ર છે. મોસાળાના પ્રસંગે ગવાતા આ ગીતમાં કુળદેવી કાલિકાનો ઐતિહાસિક-સામાજિક સંદર્ભ આ રીતે સચવાયો છે –

- પાવાગઢની તે ચૂંદડી વાપરી,
  વાપરી વાપરી અમારા દેશ રે..પાવાગઢની ચૂંદડી
  વીરા પે'રું તો પાચે રોળાય રે..પાવાગઢની ચૂંદડી
  વીરા ઉડાડું આકાશ જાય રે..પાવાગઢની ચૂંદડી
  વીરા ધોઉં તો દરીયો રંગાય રે..પાવાગઢની ચૂંદડી
  વીરા પથારું પાતાળ જાય રે..પાવાગઢની ચૂંદડી

**૪.ગ્રહશાંતિ વખતે ગવાતાં ગીતો :**

મોસાળુ વધાવ્યા બાદ, ગ્રહશાંતિ (કે 'ગૃહશાંતિ ?') માટેની તૈયારીઓ આરંભાય છે. લોકોમાં સામાન્ય રીતે 'સોંતક ' અથવા 'ઘરસોંતક' તરીકે ઓળખાય છે. વર કે કન્યાના માતા-પિતા અથવા ભાઈ-ભાભી ગ્રહશાંતિ માટે પૂજામાં બેસે છે. સ્ત્રી વર્ગમાં આ પ્રસંગની બહુ ઈંતેજારી હોય છે. ગજરો, મહેંદી, મોગરાની વેણી વગેરે ઉપલબ્ધ હોય તેવાં સાજ-શણગાર સજીને ખૂબ જ ઉત્સાહથી તેમાં સહભાગી થાય છે.

- આવી રૂડી ઑંબલિયાની ડાળ, સરોવરની પાળ,
  મેલીને કોયલ ક્યોં જ્યોંતો રે !
  શીળા રે કયા ભઈના મોંડવા રે,
  ત્યોં રૂડી ઘર સોંતક થાય..જોવાને અમે ત્યોં જ્યોંતો રે !

લગ્નગીતોમાં શિરમોર સમાન આ ગીતમાં રહેલું લાલિત્ય અને એનો લય દરેકને સ્પર્શી જાય છે. લોકગીતની આ કોયલ દરેકના મનમાં માળો બનાવીને રહે છે. અને તેથી જ આ ગીત લગભગ દરેક સમાજમાં, વત્તાઓછા ઉચ્ચાર ભેદ સાથે ગવાતું હોય છે.

'કયા ભઈના ઘરમેં શુકન ગોરી રે, મીઠા બોલી છે નાર
બાળા જોબનમેં મોંડવ રચ્યો રે.'

લગ્નગીતોમાં ક્યાંક સલાહ, શીખામણ કે ટકોર પણ કરવામાં આવતી હોય છે.

- અડોઅડીના બેસીએ,
  મોટોનાં, અડોઅડીના બેસીએ
- પહેલી સોંતકે રોણા કયા ભઈ બેઠાં

પહેલી સોંતકે રોણા અમૂકભઈ બેઠાં

**૫.જાન વળાવવા / વધાવવાનાં ગીતો :**

લગ્ન પ્રસંગે વરનાં ઘરે જાનના વળામણાંની ગીતો ગવાય છે તો તેવી જ રીતે કન્યાના ઘરે જાનનાં સામૈયાના ગીતો ગવાય છે.

- ઊગમણી અવેલીઓના નીસર્યા વરરાજા,
  રાયવર ! વે'લાં પધારજો.
- પિતા બોલાવે બોલો માર વીરા, અણબોલા કેમ લીધાં રે
  માતા બોલાવે બોલો મારા વીરા, અણબોલા કેમ લીધાં રે
- કે'વ રે રાયોના વર કેની છે વારો રે ?
  મારે નથી વારો મારા મોંમાની વારો રે.
- વીરા તારોં ભોંણલીયોં કોણ ધોશે રે,
  ઠાકોર ! વાજોં વાગીયોં..

બધું સમુંસૂતરું પાર ઉતર્યા પછી, જેમાં વરરાજાની જાન જવાની છે તે ગાડીનાં હંકારનારને પણ સલાહ સૂચન આપવાનું ચૂકતા નથી.

- મોટર વાળા મોટા હો વીરા, ધીમી મોટર હાંકજો રે !

અને આખરે જાન કન્યાના ગામ-પાદર આવી પહોંચે છે. મોટાભાગે ગામનાં મંદિરે કે પ્રાથમિક શાળાના ઓટલા પર ઊતારો આપવામાં આવે છે. યુરિયા વગેરે ખાતરની થેલીઓ સાંધીને બનાવેલા પાથરણાં પાથરવામાં આવે છે. ક્યાંક એની ઉપર ગાદલાં નાખવામાં આવે છે. બીડી-સિગારેટ-પાન–પડીકી-ચા-પાણી તેમજ શરબતની વ્યવસ્થા કરવામાં આવે છે. વરરાજાની સાથે રહેલો કાફલો પાથરણાં પર બેસે છે, વરરાજા માટે ખુરશી મૂકવામાં આવે છે. જાન સાથે આવેલાં અન્ય લોકો તો સીધા કન્યાના માંડવે પહોંચી જાય છે પરંતુ વરરાજાએ તો કન્યાપક્ષ તરફથી પોંખવા આવે તેની રાહ જોવી પડે છે. એકાદ બે કલાકના સમય પછી પ્રતીક્ષાનો અંત આવે છે. આ વખતે ગવાતાં ગીતોમાં ટીખળ વધારે હોય છે.

- લાલ પીળી લાઈટો સળગાવો, મારે નવસાને જોવો છે
  કાળો છે કે ગોરો છે મારે નવસાને જોવો છે
- છોરાં એકલડો શું આયો રે, મોરલી બજાય
  તારી બેનીને કેમના લાયો રે, મોરલી બજાય
- આવી આવી ઝાલાવાડી જોનોં, પિયર મારું મેવાસી

**૬.હસ્તમેળાપ / મંગળફેરા / કન્યા વિદાયના ગીતો :**

લગ્નનો માંગલિક પ્રસંગ અહીંથી ધીમે ધીમે કરૂણ-મંગલ પ્રસંગમાં ફેરવાતો જાય છે. ગવાતાં ગીતો દ્વારા પણ કન્યાને નજીક આવતા વિદાય પ્રસંગની પૂર્વતૈયારી માટે સૂચિત કરવામાં આવે છે.

- બેની આવા રૂડાં મંડપ આપણાં છે
  બેની મંડપ કેમ ભૂલાય, ઊંઘ તને કેમ આવે ?
  બેની આવા રૂડાં પિતા આપણાં છે,
  એને છોડીને કેમ જવાય, ઊંઘ તને કેમ આવે ?
- ટોડલે ટૌકે છે મોર, માંડવે બેઠો છે મોર
  ઝટોઝટ બેની કાગળ મોકલે
  ઘડી વે'લી પૈણીશ, ઘડી મોડી પૈણીશ
  મારે કાળા નવસાને નથી પૈણવું

વર-કન્યા બન્ને માહ્યરાંમાં બેઠાં હોય છે આ સમયે ગવાતાં ગીતોમાં રહેલો કરૂણતાનો ભાવ હાજર સહુ કોઈના હ્રદયને સ્પર્શી જાય છે.

- બેન તમે કોની સાથે બેઠા,
  પરદેશી સાથે બેઠાં..પરદેશે જવાના.
  બેન તમે કોનો હાથ ઝાલ્યો,
  પરદેશી હાથ ઝાલ્યો..પરદેશે જવાના.
  બેન તમે કોનાં મીંઢળ બાંધ્યા,
  પરદેશી મીંઢળ બાંધ્યા..પરદેશે જવાના.

કન્યાએ સાસરીમાં ગયા પછી કેવું વર્તન કરવું તેની સલાહ પણ આપવામાં આવે છે. સમગ્ર કુટુંબને એકસૂત્રતામાં બાંધવાના અને પોતીકાપણાની ભાવના કેળવવાનાં સંસ્કાર અપાય છે.

- એક પાંખ વિનાનું પંખી, બેન તમે પાળજો રે
  ઘરમાં સસરા હોય તો પિતા ગણી બોલાવજો રે
  ઘરમાં સાસુ હોય તો માતા ગણી બોલાવજો રે
- પિયરની માયા બેની છોડી દો, છોડી દો બેની છોડી દો
  સાસરાની માયા બેની ઝડપી લો, ઝડપી લો બેની ઝડપી લો
  માતાની માયા બેની છોડી દો, છોડી દો બેની છોડી દો
  સાસુની માયા બેની ઝડપી લો, ઝડપી લો બેની ઝડપી લો
- મારાં બેની, રસીલું જોડું શોભશે !

કન્યા જેવા લાડકોડથી પિતાનાં ઘરે ઊછરીને મોટી થઈ હોય છે. આથી એને સાચવવા માટે વરરાજાને પણ ટકોર કરવામાં આવે છે.

- ગુલાબનો ગોટો તમને સોંપ્યો વરરાજા
  એને કરમાવા ના દેતા વરરાજા
  ઘરનો તે દીવડો તમને સોંપ્યો વરરાજા
  એને બૂઝાવાના દેતા વરરાજા

અને કન્યા વિદાયની ક્ષણે -

આંગણે આસોપાલવનાં ઝાડ, કે બગલાં બેસી રહ્યાં રે લોલ !
બગલાં ઊડી ગયાં આકાશ, કે પગલાં રહી ગયાં રે લોલ !
માતાએ દેશ ના જોયા પરદેશ, કે દીકરી દઈ દીધી રે લોલ !
દીકરી એનો ના કરીએ અફસોસ, કે લેખ તારા લઈ ગયા રે લોલ !

આ ગીતમાં રહેલો કરૂણ ધ્વનિ ઉપસ્થિત દરેકને સ્પર્શી રહે છે.

**૭.નવવધૂના સ્વાગતનાં ગીતો :**

પરિણયના આ કરૂણ મંગલ પ્રસંગ દ્વારા વિધિવત નવદંપતિ બનેલાં નવવરવધૂનું, ખાસ કરીને નવવધૂનું સ્વાગત ગીત દ્વારા કરવામા આવે છે. આ પ્રસંગે હવે નવવધૂ પરત્વે પરાયાપણાની ભાવના કરતાં પોતીકાપણાની ભાવના વધારે જોવા મળે છે.

- 'ચડો લાડી ચડો લાડી તોરણ, જોવ તમારી સાસરી રે
  જેવોં રે ઠાકોરીયોંનોં ઘરોં, એવી તમારી સાસરી રે'

સંખેડા મેવાસમાં આવેલ રજવાડાંઓનાં રાજ્યકર્તાઓ માટે 'ઠાકોર' સંબોધન વપરાતું હતું. માટે અહીંના લગ્નગીતોમાં જ્યાં જ્યાં 'ઠાકોર' શબ્દ આવે છે ત્યાં એ સંદર્ભનો અર્થ અભિપ્રેત છે.

- તમે ભલે જીતી આવ્યા, મારા ઢીંગલા રે
  તમે કોની બેટી લાવ્યા, મારા ઢીંગલા રે
  તમે કોની બેની લાવ્યા, મારા ઢીંગલા રે

આવા જ ભાવ-સંવેદન ધરાવતું અન્ય ગીત, સહેજ જુદા લયમાં પણ ગવાય છે.

- વીરા તમે શું શું જીતી લાવ્યા, માઝમ રાતે આવીયા રે !

**૮. ટીખળ-મજાક-મશ્કરીનાં ગીતો, 'ફટાણાં' :-**

લગ્ન જેવા સામાજિક પ્રસંગોમાં ગીતોના બહાને વેવાઈપક્ષના લોકોની તેમજ જમાઈ, બનેવી, ફૂવા વિગેરે સંબંધીઓની મજાક-મશ્કરી કરવામાં આવતી હોય છે. મજાક – મશ્કરીનાં આવા ગીતોને "ફટાણાં' તરીકે ઓળખવામાં આવે છે. ફટાણાં શબ્દ મૂળ 'ફટ' જેવા તિરસ્કારવાચક શબ્દ પરથી બનેલો છે. લગભગ બધાં જ સમાજોના લગ્નગીતોમાં ફટાણાં મળી આવે છે.

- ઊંચી ઊંચી વાદળીમાં વિમાન ચાલે,
  નીચેની દુનિયા જોયા કરે.
  અમાર ભણેલા વીરા પેપર વાંચે,
  અભણ પેલી છોકરી જોયાં કરે.
- રેલગાડી આવી મુંબઈનો માલ લાવી,
  જુવોને મારી બેનો આ રેલગાડી આવી
  ગાડીમાં ભર્યા રીંગણા, જોનૈયા બધાં ઠીંગણા
  જુવોને મારી બેનો આ રેલગાડી આવી.
- બોમણ કરે રે ઉતાવળ, બોમણ સટરપટરિયો
- મારા મોંડવ બેઠી ચકલી, પલકારા મારે
  મારા કયા ભૈ ને દેખી, પલકારા મારે
- મારા મોંડવ ચાની હોટલ, ચા રે ચા
  સવારના સાત કપ, બપોરના બાર કપ, સાંજના પચીસ કપ,
  તોય સાલી ચા માંગે, ચા રે ચા..
- જાર વાવી રે લીલુડી શી જાર
- કોમનો કોચરો અતેલો, ગધાડીનું કોડીયુંના ભાઈગું
- મારી વેવોણને રોમ રોમ કેજો

ટીખળ, મજાક મશ્કરીથી શરૂ થયેલા આવા ગીતો ક્વચિત ઉઘાડી અશ્લીલતા સુધી પણ પહોંચી જતા હોય છે. સુરુચિભંગના કારણે એવા ગીતોના ઉદાહરણો અહીં આપ્યા નથી. લગભગ દરેક સમાજનાં લગ્નગીતોમાં ઓછાં-વત્તા અંશે ફટાણાંનું સ્થાન હોય છે.

આમ, ગણેશસ્થાપનાથી શરૂ થયેલા લગ્નના માંગલિક પ્રસંગનું કન્યાવિદાય પછી મહદઅંશે સમાપન થાય છે. લગ્નપ્રસંગે ગવાતાં લગ્નગીતો લોકસાહિત્યનું એક મહત્વનું અંગ છે. જે-તે પ્રદેશની પ્રાદેશિકતા સહિત જે તે સમાજનાં રીત-રીવાજો, સંસ્કારિતા વિગેરેનું તથા લોકના ઉત્સાહ અને ઉલ્લાસનું એમાં પ્રતિબિંબ ઝીલાતું આવે છે. બદલાતા સમયની સાથે સાથે જે - તે પ્રદેશ, સમાજના લગ્નગીતોમાં પણ પરિવર્તન આવે છે. ક્યારેક આખા ગીતો નવા ઉમેરાય છે તો ક્યારેક પ્રચલિત ગીતોમાં આંશિક ફેરફાર થાય છે. જુદા જુદા પ્રદેશ, સમાજના લોકો એકબીજાના સામાજિક સંપર્કમાં આવતાં લગ્નગીતોમાં પણ એની અસર જોવા મળે છે.

આમ છતાં, સાંપ્રત સમય લગ્નગીતો માટે સારો ન ગણી શકાય. બદલાતા સમયની સાથે લગ્નગીતો તરફ લોકોના વલણમાં પરિવર્તન આવેલું સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. ડી.જે, દાંડિયા-રાસ-ગરબા અને ડાન્સના આધુનિક માહોલમાં લગ્નગીતોની સતત અવગણના થતી રહી છે. આવા સંજોગોમાં હજી આથમતી જતી એક પેઢી લગ્નગીતોનો ભવ્ય વારસો સાચવીને બેઠી છે. અને કદાચ જેને લગ્નગીતો આવડે છે તેમજ લગ્નગીતો ગાવાનો ઉત્સાહ છે એવી આ છેલ્લી પેઢી છે. નવી પેઢીની યુવતિઓ, મહિલાઓને લગ્નગીતો પ્રત્યે ખાસ લગાવ રહ્યો નથી. જે છે તે પણ ધીમે ધીમે ઓછો થતો જાય છે. આમ આ સમય લગ્નગીતોના અસ્તીત્વ માટે સંઘર્ષરૂપ ગણી શકાય એવો છે. હવે પછી આવનારી પેઢીઓને લગ્નગીતો માત્ર પુસ્તકો, સંશોધનો કે સંપાદનોમાં જ જોવા મળે તો નવાઈ ન કહેવાય. લગ્નગીતોની આ અવસ્થા પરત્વે ઝવેરચંદ મેઘાણીનું વિધાન યાદ આવે છે. તેઓ કહે છે કે – 'લોકસાહિત્યનાં બીજાં બધાં રોપ કરતાં આ લગ્ન-ગીતરૂપી આસોપાલવનાં મૂળ ઊંડા ઊંડા, સહુથી ઊંડા રોપાયાં હશે. નહિ તો આજ સુધી પણ એ વૃક્ષ પોતાનાં ડાળ-પાંદડા સમેત આજનાં યુગની ખારી બનેલી ભૂમિમાં

ખડું રહ્યું ન હોત. બેશક આજે એ વૃક્ષને નવો ફાલ આવતો બંધ થયો છે. નવી ટશરો ફૂટતી નથી. એ આંબે તાજા મોર નીકળતા નથી અને જૂના જે ડાળપાંદડાં છે તે પણ કરમાઈને સુકાવાં લાગ્યાં છે.'

લગ્નગીતોના વિસરાતા જતા આ વારસાને કોઈ પણ માધ્યમથી સાચવી લેવાય તો એ સાહિત્ય અને સમાજ માટે ઉપયોગી તેમજ આવનારી પેઢીઓ માટે આશીર્વાદરૂપ બની રહેશે.

સંદર્ભ :
૧. રણજિતરામ ગદ્યસંચય, લે.રણજિતરામ વાવાભાઈ મહેતા, પ્ર.આ.૧૯૮૨, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ
૨. The Revakantha Directory, by Ladhabhai Harji Parmar, 1922
૩. લોક સાહિત્ય – ધરતીનું ધાવણ, ભાગ-૧, લે. ઝવેરચંદ મેઘાણી, પ્ર.આ.૧૯૩૯, ફૂલછાબ કાર્યાલય, રાણપુર